# ગુજરાત જાહેર સેવા આયોગ

**જાહેરાત ક્રમાંક : ૧૨૧/૨૦૧૬-૧૭ :** ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧ અને ૨ની નીચે દર્શાવેલ જગ્યાઓ પર કુલ-૩૩૫ ઉમેદવારો પસંદ કરવા માટે ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://gpsc-ojas.gujarat.gov.in પર **તા. ૧૫/૦૩/૨૦૧૭ (૧૩-૦૦ કલાક) થી તા. ૩૧/૦૩/૨૦૧૭ (૧૩-૦૦ કલાક)** દરમ્યાન લોગ ઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

**નોંધ:-** (૧) આ જગ્યાની સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રિલિમિનરી પરીક્ષા સંભવત: **તા. ૦૪/૦૬/૨૦૧૭** ના રોજ યોજવામાં આવશે.

(૨) પ્રિલિમિનરી પરીક્ષાનું પરિણામ સંભવત: **જુલાઇ - ૨૦૧૭** માં પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૩) મુખ્ય લેખિત પરીક્ષા સંભવત: **તા. ૧૭, ૨૩ અને ૨૪/૦૯/૨૦૧૭** ના રોજ યોજવામાં આવશે.

(૪) મુખ્ય લેખિત પરીક્ષાનું પરિણામ સંભવત: **જાન્યુઆરી - ૨૦૧૮** માં પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૫) રૂબરૂ મુલાકાત સંભવત: **ફેબ્રુઆરી - ૨૦૧૮** માં યોજવામાં આવશે.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વ. | બિન અનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વ. | શારીરિક અશક્ત | માજી સૈનિક |
| **વર્ગ-૧** | | | | | | | | | | | |
| ગુજરાત વહીવટી સેવા, જુનિયર સ્કેલ નાયબ કલેક્ટર / નાયબ જિલ્લા વિકાસ અધિકારી | ૪૦ | ૨૫ | ૦૪ | ૧૦ | ૦૧ | ૦૮ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| નાયબ પોલીસ અધીક્ષક | ૨૮ | ૦૯ | ૦૨ | ૦૮ | ૦૯ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૦ |
| જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ | ૦૭ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| અધીક્ષક નશાબંધી અને આબકારી | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસ | ૦૬ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | ૮૩ | ૪૪ | ૦૭ | ૧૯ | ૧૩ | ૧૪ | ૦૨ | ૦૫ | ૦૩ | ૦૦ | ૦૦ |
| **વર્ગ-૨** | | | | | | | | | | | |
| મામલતદાર | ૬૯ | ૩૫ | ૦૫ | ૧૦ | ૧૯ | ૧૨ | ૦૨ | ૦૩ | ૦૬ | ૦૨ | ૦૦ |
| સેકશન અધિકારી (સચિવાલય) | ૯૬ | ૫૧ | ૦૬ | ૧૫ | ૨૪ | ૧૭ | ૦૨ | ૦૫ | ૦૮ | ૦૩ | ૦૦ |
| સેકશન અધિકારી (ગુ.જા.સે.આ.) | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સેકશન અધિકારી (ગુજરાત વિધાનસભા સચિવાલય) | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| તાલુકા વિકાસ અધિકારી | ૦૮ | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ | ૨૨ | ૧૧ | ૦૦ | ૦૪ | ૦૭ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ |
| જિલ્લા નિરીક્ષક જમીન દફતર | ૦૮ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મદદનીશ નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા | ૧૫ | ૦૮ | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| સરકારી શ્રમ અધિકારી | ૦૭ | ૦૫ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| આદિજાતિ વિકાસ અધિકારી | ૨૧ | ૧૩ | ૦૦ | ૦૨ | ૦૬ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ |
| કુલ | ૨૫૨ | ૧૪૦ | ૧૩ | ૩૫ | ૬૪ | ૪૫ | ૦૪ | ૧૦ | ૨૦ | ૦૫ | ૦૦ |

**૧.(૧)** ઉપરની જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જે તે જગ્યાઓની સામે દર્શાવ્યા મુજબની શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે.

| જગ્યાનું નામ | અંધત્વ ઓછી દ્રષ્ટિ | શ્રવણની ખામી | હલનચલનની વિકલાંગતા |
|---|---|---|---|
| ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ | LV મોડરેટ કક્ષા | HH મોડરેટ કક્ષા | OA, OL, OAL |
| નાયબ પોલીસ અધીક્ષક | મુક્તિ આપેલ છે. | | |
| જિલ્લા રજિસ્ટ્રાર, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ | B, LV ૪૦% થી ૧૦૦% | HH ૪૦% થી ૧૦૦% | OA, OL, OAL, BL |
| અધીક્ષક નશાબંધી અને આબકારી, વર્ગ-૧ | - | HH મોડરેટ કક્ષા | - |
| મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસ | LV મોડરેટ કક્ષા | HH મોડરેટ કક્ષા | OA, OAL |
| મામલતદાર | LV મોડરેટ કક્ષા | HH મોડરેટ કક્ષા | OA, OL, OAL |
| સેકશન અધિકારી (સચિવાલય) | B, LV ૪૦% થી ૧૦૦% | HH ૪૦% થી ૧૦૦% | OA, OL, OAL, BL, BLOA |
| સેકશન અધિકારી (ગુ.જા.સે.આ.) | B, LV ૪૦% થી ૧૦૦% | HH ૪૦% થી ૧૦૦% | OA, OL, OAL, BL |
| સેકશન અધિકારી (ગુજરાત વિધાનસભા સચિવાલય) | LV ૪૦% થી ૧૦૦% | HH ૪૦% થી ૧૦૦% | OA, OL, OAL, BL, BLOA |
| તાલુકા વિકાસ અધિકારી | LV મોડરેટ કક્ષા | HH મોડરેટ કક્ષા | OA,OL,OAL |
| સરકારી શ્રમ અધિકારી | LV મોડરેટ કક્ષા | HH મોડરેટ કક્ષા | OA, OL |
| જિલ્લા નિરીક્ષક જમીન દફતર | - | HH મોડરેટ કક્ષા | OA, OL |
| મદદનીશ નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા | B, LV ૪૦% થી ૧૦૦% | HH ૪૦% થી ૧૦૦% | OA, OL, OAL, BL |
| આદિજાતિ વિકાસ અધિકારી | LV મોડરેટ કક્ષા | HH મોડરેટ કક્ષા | OA,OAL |
| મોડરેટ કક્ષા એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા. B=Blind, LV =Low Vision, HH= Hearing Handicapped, OA=One Arm, OL=One Leg, OAL=One Arm & One Leg , BL=Both Leg, BLOA=Both Legs & One Arm | | | |

**૧.(૨)** જાહેરાતમાં (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ, (૨) શ્રવણની ખામી, (૩) હલનચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો એમ ત્રણ કેટેગરી પૈકી જે કેટેગરીની જગ્યાઓ આવા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ હશે તે જ કેટેગરીના ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે. **૧.(૩)** શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે. **૧.(૪)** શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Details માં પોતાની અશકતતાની ટકાવારી / વિગત દર્શાવવાની રહેશે. **૧.(૫)** મહિલાઓ માટે અનામત જગ્યાઓ ઉપર ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો

આ જગ્યાઓ સંબંધિત કેટેગરીના પુરુષ ઉમેદવારોને ફાળવવામાં આવશે. ૧.(૬) શારીરિક રીતે અશકત તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/ અનુ.જાતિ/ અનુ.જનજાતિ/ સા.શૈ.પ.વર્ગ ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે. ૧.(૭) સા.વ.વિ.ના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦૨૦૦૦-જીઓઆઈ- ૭-ગ.૨ મુજબ શારીરિક અશકતતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ શારીરિક અશકતતાના લાભો મળવાપાત્ર રહેશે.

**૨. નાગરિકત્વ :** પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક, અથવા (ખ) નેપાળનો પ્રજાજન, (ગ) ભુતાનનો પ્રજાજન, અથવા (ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી તા.૧લી જાન્યુઆરી ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ તિબેટના નિર્વાસિત, અથવા (ચ) પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને પૂર્વ આફ્રિકન દેશો, કેન્યા, યુગાન્ડા, વિયેટનામ, ઝામ્બિયા, મલાવી, ઝેર, ઈથીયોપીયા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ મૂળ ભારતીય વ્યક્તિ, પરંતુ (ખ) થી (ચ) સુધીના પ્રકારમાંની વ્યક્તિઓ તેમણે ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણૂક માટે પાત્ર બનશે.

**૩. ઉંમર અને તેમાં છૂટછાટ : ૩.(૧) અરજી લોગ ઓન કરવાની છેલ્લી તારીખ : ૩૧-૦૩-૨૦૧૭ ના રોજ ઉમેદવારે ૨૦ વર્ષ પુરા કરેલા હોવા જોઈએ અને ૩૫ વર્ષ પુરા કરેલા ન હોવા જોઈએ. ૩.(૨) ઉંમર અરજી લોગ ઓન કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.** ઉપલી વય મર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે. ૩.(૩) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગના પુરૂષ ઉમેદવાર-પાંચ વર્ષ, ૩.(૪) બિન અનામત વર્ગોના મહિલા ઉમેદવાર-પાંચ વર્ષ ૩.(૫) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુ.જન જાતિ અને સા.અને શૈ.પ.વર્ગના મહિલા ઉમેદવાર-દસ વર્ષ ( આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થઇ જાય છે.) ૩.(૬) શારીરિક અશક્ત (Disabled) ઉમેદવાર -દસ વર્ષ. ૩.(૭) માજી સૈનિકો/અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થાય છે. આ છૂટછાટ માજી સૈનિકો અને ઇ.સી.ઓ. / એસ.એસ.સી.ઓ સહિત કમિશન્ડ ઓફિસર્સ જેમણે લશ્કરી સેવામાં ઓછામાં ઓછી પાંચ વર્ષની ફરજ બજાવી હોય અને લશ્કરી સેવા માટે શારીરિક અશકતતાના કારણે બરતરફ કે છૂટા કરવાના કારણ સિવાય મુદ્દત પુરી થયેથી (જેમની મુદત છ મહિનામાં પુરી થવાની હોય તે સહિત) છૂટા થયેલ હોય તેઓને મળવાપાત્ર થશે. ૩.(૮) ગુજરાત સરકારના કર્મચારીઓને વય મર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. ૩.(૯) આ જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કક્ષાના મૂળ ગુજરાતના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. ૩.(૧૦) અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં. ૩.(૧૧) બિન અનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ, વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ મળશે. **૩.(૧૨) ઉમેદવારે જે-તે લાગુ પડતા અનામત વર્ગ વગેરે અંગે અરજીપત્રકમાં કાળજીપૂર્વક ખાતરી કરી જરૂરી ચકાસણી કરીને જ જણાવવા અનુરોધ કરવામાં આવે છે. અરજીપત્રકમાં ઉમેદવાર દ્વારા કન્ફર્મ કરવામાં આવેલ કોઇ પણ વિગત/માહિતીમાં ઉમેદવારની ચૂકના કારણે પાછળથી સુધારો કરવા અંગેની કોઇ પણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.**

**૪. લાયકાત :** ૪.(૧) પરીક્ષા માટે ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ-૧૯૫૬ના સેકશન -૩ હેઠળ યુનિ. તરીકે પ્રસ્થાપિત થયેલ બીજી શૈક્ષણિક સંસ્થાની સ્નાતકની પદવી કે તેને સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈએ ૪.(૨) અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પુરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમેસ્ટર/વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે પરંતુ જેનું પરીણામ પ્રસિધ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે, પરંતુ તેઓએ

જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઇશે. જે ઉમેદવાર એમ.બી.બી.એસ. અથવા અન્ય કોઈ તબીબી શાખાની પદવી પરીક્ષામાં ઉપસ્થિત થયા હોય અને જેનું પરીણામ જાહેર થવાનું બાકી હોય તેવા ઉમેદવારો પણ પ્રિલિમિનરી પરીક્ષાનું અરજીપત્રક ભરી શકશે. જો કે મુખ્ય પરીક્ષા માટે આયોગે જે ઉમેદવારોને લાયક ઠરાવેલ હોય તેવા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે પદવી પરીક્ષા પાસ કર્યા અંગેના પુરાવા મોકલવાના રહેશે. ૪.(૩) જે ઉમેદવાર પદવી પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજુ કરી શકશે નહિ તેવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે નહિ. ૪.(૪) જે ઉમેદવારોએ એમ.બી.બી.એસ.ની અથવા અન્ય કોઈ તબીબી શાખાની પરીક્ષા પસાર કરી હોય અને તેઓએ મુખ્ય પરીક્ષાનું અરજીપત્રક ભરતી વખતે ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ન હોય તો આવા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના અરજીપત્રક સાથે યુનિ. અથવા સંસ્થાના સંબંધિત અધિકારીનું તેઓએ તબીબી પરીક્ષા પાસ કરેલ છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અને તેઓને મુખ્ય પરીક્ષામાં શરતી પ્રવેશ આપવામાં આવશે.પરંતુ આવા ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત સમયે અસલ પદવી પ્રમાણપત્ર અથવા યુનિ. અથવા સંસ્થાના સંબંધિત અધિકારીનું - પદવી પ્રમાણપત્ર મેળવવાની બધી જરૂરીયાતો ( ઈન્ટર્નશીપ પૂરી થયા સહિત ) ઉમેદવાર પૂર્ણ કરે છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૫. શારીરિક માપ :**

| ક્રમ | વિગત | ઉંચાઈ (સેં.મી.) | છાતીનું માપ (સે.મી.) | | | વજન (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| | | | ફુલાવ્યા વગર (સે.મી.) | ફુલાવેલ છાતીનું (સે.મી.) | ફુલાવેલ છાતીનું પ્રમાણ (સે.મી.) | |
| ૧ | **નાયબ પોલીસ અધિક્ષક, વર્ગ-૧** | | | | | |
| ૧ | પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૫ | ૮૪ | ૮૯ | ૫ | ૫૦ |
| ૨ | અનુ.જનજાતિના પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૦ | ૮૪ | ૮૯ | ૫ | ૫૦ |
| ૩ | મહિલા ઉમેદવાર માટે | ૧૫૮ | – | – | – | ૪૫ |
| ૪ | અનુ. જનજાતિની મહિલા ઉમેદવાર માટે | ૧૫૬ | – | – | – | ૪૫ |
| ૨ | **અધીક્ષક નશાબંધી અને આબકારી, વર્ગ-૧** | | | | | |
| ૧ | પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૫ | ૭૭ | ૮૨ | ૫ | ૫૦ |
| ૨ | અનુ.જનજાતિના પુરૂષ ઉમેદવાર માટે | ૧૬૦ | ૭૭ | ૮૨ | ૫ | ૫૦ |
| ૩ | મહિલા ઉમેદવાર માટે | ૧૫૮ | – | – | – | ૪૫ |
| ૪ | અનુ. જનજાતિની મહિલા ઉમેદવાર માટે | ૧૫૬ | – | – | – | ૪૫ |

**૬. કોમ્પ્યુટરનું જ્ઞાન :** ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ.

**૭. પગાર ધોરણ :**

**૭.(૧)** વર્ગ-૧ : ₹ ૧૫,૬૦૦-૩૯,૧૦૦ + ₹ ૫,૪૦૦ ગ્રેડ-પે તથા નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. (૬ઠ્ઠા પગારપંચ મુજબ)
પે મેટ્રીક્ષ લેવલ નંબર-૧૦ ₹ ૫૬,૧૦૦-૧,૭૭,૫૦૦ તથા નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. (૭ મા પગારપંચ મુજબ)
વર્ગ-૨ : ₹ ૯,૩૦૦-૩૪,૮૦૦ + ₹ ૪,૬૦૦ ગ્રેડ-પે તથા નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. (૬ઠ્ઠા પગારપંચ મુજબ)
પે મેટ્રીક્ષ લેવલ નંબર-૮ ₹ ૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦ તથા નિયમોનુસાર મળવાપાત્ર અન્ય ભથ્થાઓ. (૭ મા પગારપંચ મુજબ)

**૭.(૨)** અજમાયશી સમય દરમ્યાન ઉપરોકત દર્શાવેલ જગ્યાઓમાં ઈજાફો આપવામાં આવશે નહિ. તેમ છતાં સક્ષમ સત્તાધિકારી દ્વારા અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ થયે ઈજાફો મંજૂર કરવામાં આવશે. **૭.(૩)** ગુજરાત સરકારની નોકરીમાં હોય તેવી વ્યક્તિઓનો

પગાર ગુજરાત મુલ્કી સેવા નિયમો અનુસાર ઉપર્યુકત પગાર ધોરણમાં નિયત કરવામાં આવશે. **૭.(૪)** ફરજો : સરકાર તરફથી સંબંધિત જગ્યા માટે વખતો વખત સોંપવામાં આવે તે કામગીરી. **૭.(૫)** બઢતીની તકો : ઉપરોકત જગ્યાઓ પર નિમણૂક પામેલ ઉમેદવારો જે તે જગ્યાના ભરતી નિયમોનુસાર ઉપલી જગ્યાઓ પર બઢતી માટે લાયક ગણાશે.

**ટ. જાતિ પ્રમાણપત્ર : ૮.(૧)** મૂળ ગુજરાતના અનુ.જાતિ અને અનુ.જનજાતિના ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્ર તથા **૮.(૨)** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ, ઉન્નત વર્ગમાં સમાવેશ ના થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ **પરિશિષ્ટ-'ક' અથવા પરિશિષ્ટ-'૪'** તા.૩૧-૦૩-૨૦૧૬ ના રોજ પુરા થયેલ ૨૦૧૫-૧૬ ના નાણાકીય વર્ષની આવકને ધ્યાને લઇને આપવામાં આવ્યું હોય તે રજુ કરવાનું રહેશે. **૮.(૩)** આ **પરિશિષ્ટ-'ક' અથવા પરિશિષ્ટ-'૪'** તા.૦૧-૦૪-૨૦૧૬ ના રોજથી જાહેરાતની છેલ્લી તારીખ સુધીના સમય ગાળા દરમ્યાન સક્ષમ સત્તાધિકારીએ આપેલ હોવું જોઇએ. **૮.(૪)** વધુમાં આ **પરિશિષ્ટ-'ક' અથવા પરિશિષ્ટ-'૪'** નો નંબર અને તારીખ ઓનલાઇન અરજીમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે. **૮.(૫) પરિશિષ્ટ-'ક' અથવા પરિશિષ્ટ-'૪'** ના સ્થાને અંગ્રેજીમાં આપેલું **"Annexure-A"** નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહિ. **૮.(૬)** પરિણીત મહિલા ઉમેદવારે,આવું પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકના આધારે રજુ કરવાનું રહેશે. **૮.(૭)** જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના આધારે આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. **૮.(૮)** અરજી સાથે **પરિશિષ્ટ-'ક' અથવા પરિશિષ્ટ-'૪'** ને બદલે, **"Annexure-A"** ( અંગ્રેજીમાં ) રજુ કરેલ હશે તો પણ આવા ઉમેદવારની અરજી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જગ્યા માટે માન્ય ગણવામાં આવશે નહીં. તેમજ બિન અનામત જગ્યા માટે પણ માન્ય ગણવામાં આવશે નહીં. **૮.(૯)** એક વખત Online અરજી કર્યા બાદ, Online Form માં દર્શાવેલ કાસ્ટ / કેટેગરીમાં "Online Aplication" ની અરજીના અન્ય કોઇ કોલમમાં / વિગતોમાં, કોઇપણ જાતનો ફેરફાર પાછળથી કરવા દેવામાં આવશે નહિ. જો કોઇ ઉમેદવાર પાછળથી આ બાબતે રજુઆત કરશે તો તેની રજુઆત સ્વીકારવામાં આવશે નહિ કે તેનો પ્રત્યુતર આયોગની કચેરી દ્વારા આપવામાં આવશે નહિ. ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઇ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

**૯. વિધવા ઉમેદવાર :** સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ પ્રિલિમિનરી પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષા અને રૂબરૂ મુલાકાતમાં ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂક સમયે પુન: લગ્ન કરેલ ના હોવા જોઇએ. ઉપરાંત આયોગની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં આયોગની કચેરીમાં રજુ કરવાના રહેશે.

**૧૦.સામાન્ય શરતો :- ૧૦.(૧)** અનામત વર્ગનો લાભ મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુ. જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોને જ મળશે. **૧૦.(૨)** અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ. **૧૦.(૩)** ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ ( Passing Standard ) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

**૧૧. પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ :-**

**૧૧.(૧) પરીક્ષાની રૂપરેખા : સ્પર્ધાત્મક પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે.**

**(એ) પ્રિલિમિનરી પરીક્ષા (objective type) : મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારો પસંદ કરવા અને**

**(બી) મુખ્ય પરીક્ષા (લેખિત અને રૂબરૂ મુલાકાત) નિશ્ચિત જગ્યાઓ માટે આખરી પસંદગી માટે ઉમેદવારો પસંદ કરવા. ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણના ( મુખ્ય લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ વત્તા રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણ ) આધારે કરવામાં આવશે.**

**૧૧.(૨) પ્રિલિમિનરી પરીક્ષા (objective type) :**

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | **General Studies-I*** | **200 Marks** | **120 Minutes** |
| પ્રશ્નપત્ર-૨ | **General Studies-II*** | **200 Marks** | **120 Minutes** |
| | **Total** | **400 Marks** | |

*પ્રશ્નપત્ર- ૧ અને ૨ નું સ્તર (standard) સ્નાતક કક્ષાનું રહેશે.

**૧૧.(૩) મુખ્ય પરીક્ષા (લેખિત) (descriptive type) :**

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | **Gujarati Language** | **150 Marks** | **3 hours** |
| પ્રશ્નપત્ર-૨ | **English Language** | **150 Marks** | **3 hours** |
| પ્રશ્નપત્ર-૩ | **Essay** | **150 Marks** | **3 hours** |
| પ્રશ્નપત્ર-૪ | **General Studies -I** | **150 Marks** | **3 hours** |
| પ્રશ્નપત્ર-૫ | **General Studies -II** | **150 Marks** | **3 hours** |
| પ્રશ્નપત્ર-૬ | **General Studies -III** | **150 Marks** | **3 hours** |
| | **Total** | **900 Marks** | |

**૧૧.(૪) મૌખિક કસોટી : 100 Marks**

**૧૧.(૫) અભ્યાસક્રમ : (એ) પ્રિલિમિનરી પરીક્ષા (objective type) નો અભ્યાસક્રમ આયોગની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. જ્યારે (બી) મુખ્ય પરીક્ષા (લેખિત) નો વિષયવાર અભ્યાસક્રમ (syllabus) આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in પર સમયાંતરે મુકવામાં આવશે. ૧૧.(૬) ગુજરાતીના પ્રશ્નપત્રનું સ્તર (standard) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ગુજરાતી વિષય (ઉચ્ચ કક્ષા) જેટલું રહેશે. ૧૧.(૭) અંગ્રેજીના પ્રશ્નપત્રનું સ્તર (standard) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અંગ્રેજી વિષય (નિમ્ન કક્ષા) જેટલું રહેશે. ૧૧.(૮) સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રનું સ્તર (standard) અને અભ્યાસક્રમ સ્નાતક કક્ષાનો રહેશે. ૧૧.(૯) અંધ ઉમેદવારોને પ્રિલિમિનરી અને મુખ્ય લેખિત પરીક્ષામાં પેપર દીઠ પ્રતિ કલાકે ૨૦ મિનિટનો વળતર સમય (COMPENSETORY TIME) આપવામાં આવશે. ૧૧.(૧૦) પ્રિલિમિનરી પરીક્ષા એ માત્ર screening test છે. જેના ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં. ૧૧.(૧૧) પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામને આધારે જાહેરાતમાં દર્શાવેલ કુલ જગ્યાઓના આશરે ૧૫ (પંદર) ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. ૧૧.(૧૨) પ્રિલિમિનરી અને મુખ્ય લેખિત પરીક્ષાનું માધ્યમ સામાન્ય રીતે ગુજરાતી અને અંગ્રેજી રહેશે, પરંતુ મુખ્ય લેખિત પરીક્ષાના પ્રશ્નપત્ર-૧ નું માધ્યમ માત્ર ગુજરાતી અને પ્રશ્નપત્ર-૨ નું માધ્યમ માત્ર અંગ્રેજી રહેશે.**

**૧૨. પરીક્ષામાં પ્રવેશ : ૧૨.(૧)** જરૂરી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય પ્રિલિમિનરી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે. **૧૨.(૨)** જે ઉમેદવારોને પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામમાં મુખ્ય લેખિત પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે, તેઓને આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે મુખ્ય લેખિત પરીક્ષા માટે અલગથી online અરજીપત્રક ભરી તે ડાઉનલોડ

કરી જરૂરી ફી અને પ્રમાણપત્રો સાથે ઉમેદવારે આયોગની કચેરીમાં આયોગે નિર્ધારીત કરેલ તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે. **૧૨.(૩)** ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઈ મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને જ મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. **૧૨.(૪)** મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈપણ પત્ર વ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

**૧૩. પરીક્ષા કેન્દ્રોની વિગત :** **૧૩.(૧)** પ્રિલિમિનરી પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઇને આયોગ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપવાની રહેશે. મુખ્ય લેખિત પરીક્ષા અમદાવાદ / ગાંધીનગર ખાતે તથા મૌખિક કસોટી ગાંધીનગર ખાતે લેવામાં આવશે. **૧૩.(૨)** પ્રિલિમિનરી પરીક્ષા માટે પરીક્ષાનું સ્થળ, પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in ઉપર મુકવામાં આવશે અને પ્રિલિમિનરી પરીક્ષા માટેના પ્રવેશપત્ર http://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી ઉમેદવારોએ ડાઉનલોડ કરવાના રહેશે. આ માટે આયોગ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવશે. **૧૩.(૩)** ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષા તથા મૌખિક કસોટીમાં તેમના પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. **૧૩.(૪)** અનુ.જાતિ અને અનુ.જનજાતિના ઉમેદવારોને મૌખિક કસોટી માટે ગાંધીનગર આવવા માટે પોતાના રહેઠાણના સ્થળેથી ગાંધીનગર અને ગાંધીનગરથી રહેઠાણના સ્થળે પરત જવા માટે બીજા વર્ગનું રેલવે ભાડું અથવા અગર એસ.ટી. ભાડું સરકારના નિયમો અનુસાર ચૂકવવામાં આવશે.

**૧૪. મૌખિક કસોટી : ૧૪.(૧) મુખ્ય પરીક્ષામાં આયોગે નિયત કરેલ લાયકી ગુણ મેળવનાર જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે. ૧૪.(૨) આ કસોટીમાં ઉમેદવારે હાજર રહેવું ફરજિયાત છે.**

**૧૫. જગ્યા / સેવાની પસંદગીનો ક્રમ :** **૧૫.(૧)** રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે ફક્ત જાહેરાતમાં દર્શાવેલ જગ્યા /સેવા માટે જ દરેક જગ્યા /સેવા માટે પોતાની પસંદગી અનુસાર આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે પત્રકમાં પોતાના સ્વહસ્તાક્ષરમાં જ પસંદગીક્રમ દર્શાવવાનો રહેશે. **૧૫.(૨)** રૂબરૂ મુલાકાતના દિવસે સરકારી તબીબી અધિકારી દ્વારા શારીરિક માપ લેવામાં આવશે. **૧૫.(૩)** નાયબ પોલીસ અધિક્ષક, વર્ગ-૧ અને અધીક્ષક નશાબંધી અને આબકારી,વર્ગ-૧ ની જગ્યા માટે જે શારીરિક માપના ધોરણો નક્કી કરવામાં આવેલ છે તે ધોરણો તબીબી પરીક્ષણ બાદ સંતોષતા હશે તેવા જ ઉમેદવારો આ જગ્યાનો પસંદગીક્રમ આપી શકશે. **૧૫.(૪)** જે ઉમેદવારો શારીરિક માપના ધોરણો સંતોષતા નહીં હોય તેવા ઉમેદવારોએ આ જગ્યા સિવાયની જગ્યાઓ માટે પ્રેફરન્સ આપવાનો રહેશે. **૧૫.(૫)** ઉમેદવાર જે જગ્યા /સેવા માટે પોતાની પસંદગીનો ક્રમ એક વખત દર્શાવી દે તે ક્રમ કાયમી ગણવામાં આવશે તથા તેમાં કોઈપણ પ્રકારના ફેરફાર, સુધારા – વધારા, અથવા ક્રમાંક બદલવાની વિનંતી કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહિ. **૧૫.(૬)** ઉમેદવારોએ જણાવેલી જગ્યાઓ માટેના પ્રેફરન્સથી તે જગાઓ ઉપર નિમણૂકનો કોઈ હક્ક મળતો નથી. **૧૫.(૭)** ગુણવત્તાક્રમ અને પ્રાપ્ય જગ્યાઓની સંખ્યાને ધ્યાનમાં લઈને, ઉમેદવારે આપેલ પ્રેફરન્સ વિચારણામાં લેવામાં આવશે. **૧૫.(૮)** જે ઉમેદવારે એક પણ જગ્યા / સેવા માટે પસંદગીક્રમ દર્શાવ્યો ન હોય અથવા તો ફક્ત અમુક જ જગ્યા / સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય અને તેઓની પસંદગી ક્રમ મુજબની જગ્યા મળવાપાત્ર થતી ન હોય તો જે ઉમેદવારોએ તમામ જગ્યા / સેવા માટે પસંદગી ક્રમ દર્શાવેલ હોય તેવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કર્યા બાદ વધેલી જગ્યા ઉપર આવા ઉમેદવારોને જગ્યાની ફાળવણી કરવામાં આવશે. **૧૫.(૯)** ઉમેદવારની નિમણૂક જે તે જગ્યાના અમલમાં હોય તેવા ભરતી નિયમોને આધિન રહેશે. **૧૫.(૧૦)** ઉમેદવારને જે જગ્યા માટે નિમણૂક આપવામાં આવશે તે જગ્યા પર નિયત સમયમાં હાજર ન થાય તો તેઓની નિમણૂક રદ કરવામાં આવશે. **૧૫.(૧૧)** શારીરિક રીતે અશકત ઉમેદવારોના કિસ્સામાં જે તે જગ્યાના શારીરિક માપના ધોરણો લાગુ પડશે અને ઉમેદવારો આ જગ્યાઓ માટે જ પ્રેફરન્સ આપી શકશે.

**૧૬. પરિણામ :** **૧૬.(૧)** આખરી પરિણામ આયોગના નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર મૂકવામાં આવશે અને આ પરિણામ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા માટે મોકલવામાં આવશે. **૧૬.(૨)** આ પરિણામમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક તેમજ મેળવેલ કુલ ગુણની

વિગતો આપવામાં આવશે. ૧૬.(૩) આ પરિણામમાં અસફળ થયેલ ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેઓએ મેળવેલ ગુણ આયોગના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે.

**૧૭. ગુણપત્રક :** ૧૭.(૧) મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ મૌખિક કસોટીને અંતે આખરી પરિણામ જાહેર થયા બાદ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર ના નામનો ₹૫૦-૦૦ નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઑર્ડર અથવા આયોગની કચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૨-૦૦ અને બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધીમાં રોકડેથી ફી સાથે આયોગને અરજી કરવાની રહેશે. ૧૭.(૨) આ અરજીમાં ઉમેદવારે પરીક્ષાનું નામ, જાહેરાત ક્રમાંક, પોતાનું સરનામું બેઠક નંબર અને પરીક્ષાની વિગતો દર્શાવવાની રહેશે. ૧૭.(૩) ઉમેદવારોને તેમનું ગુણપત્રક ટપાલમાં મોકલી આપવામાં આવશે. મૌખિક કસોટીને અંતે આખરી પરિણામ જાહેર થયાની તારીખથી ૧૫ દિવસની અંદર ગુણપત્રક માટેની અરજી મોકલવાની રહેશે. આ મુદત બાદ મળેલ અરજી અમાન્ય ગણાશે.

**૧૮. ગુણની પુનઃ ચકાસણી :** ૧૮.(૧) જે ઉમેદવાર મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે ઉમેદવાર આયોગને મુખ્ય પરીક્ષાના પરિણામને આધારે રૂબરૂ મુલાકાતના અંતે આખરી પરિણામ જાહેર કર્યા તારીખથી ત્રીસ દિવસની અંદર દરેક પેપર દીઠ ₹૫૦-૦૦ ની ફી સાથે અરજી કરી શકશે. ૧૮.(૨) ઉમેદવારે પરીક્ષાનું નામ, બેઠક નંબર, અને નામ/સરનામું દર્શાવવાનું રહેશે. ૧૮.(૩) ફી અરજી સાથે રોકડેથી કે ભા.પો.ઓ. દ્વારા કચેરીના કાઉન્ટર પર સ્વીકારવામાં આવશે. ૧૮.(૪) ઉમેદવાર ટપાલથી આ અરજી મોકલી શકશે. આવી અરજી સાથે માત્ર સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભા.પો.ઓ. મોકલવાનો રહેશે. ૧૮.(૫) ઉત્તરવહીઓનું પુનઃ મૂલ્યાંકન **(Revaluation)** ફેર તપાસણી કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહિ. ૧૮.(૬) ગુણની પુનઃચકાસણી સિવાય ઉમેદવારે મેળવેલ ગુણ બાબતના કોઈપણ વિવાદને આયોગ લક્ષમાં લેશે નહિ.

**૧૯. નિમણૂક :** ૧૯.(૧) ઉમેદવારોને નિમણૂક માટે સામાન્ય રીતે ગુણવત્તા ક્રમમાં વિચારવામાં આવશે. પરંતુ પરીક્ષામાં સફળ થવાથી નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી. ૧૯.(૨) રાજ્ય સેવામાં નિમણૂક માટે ઉમેદવાર બધી રીતે યોગ્ય છે એમ જરૂરી લાગે તેવી તપાસ પછી સરકારશ્રીને સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ. ૧૯.(૩) નિમણૂક પામેલ ઉમેદવારે સરકારશ્રીના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે. ૧૯.(૪) ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે, સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ૧૯.(૫) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી, સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

**૨૦. અજમાયશી સમય :** ૨૦.(૧) નિમણૂક બાદ પસંદ થયેલા ઉમેદવારને બે વર્ષની મુદત સુધી અજમાયશ (probation) ઉપર રાખવામાં આવશે. ૨૦.(૨) અજમાયશી સમય, સરકારશ્રીએ આ માટે નક્કી કરેલા નિયમોનુસાર વધારી શકાશે. ૨૦.(૩) નિમણૂક બાદ ઉમેદવારે નિયમો મુજબ હિન્દી ભાષાની પરીક્ષા તથા સરકારશ્રી દ્વારા વખતોવખત નિયત કરવામાં આવે તેવી ખાતાકીય પરીક્ષાઓ પાસ કરવાની રહેશે. ૨૦.(૪) જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી ન હોય તેવા ઉમેદવારે સરકારે નિયત કરેલા નિયમો અનુસાર ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવાની રહેશે. ૨૦.(૫) પરીક્ષાઓમાં નાપાસ થવાના પરિણામે ઈજાફો અટકાવવામાં કે નોકરી સમાપ્ત કરવામાં આવશે. ૨૦.(૬) પસંદ થયેલા ઉમેદવારોએ નિમણૂક પત્રમાં દર્શાવેલ સમયમાં ફરજ પર જોડાવાનું રહેશે અને ગુજરાત રાજ્યમાં ગમે ત્યાં કામગીરી બજાવવાની રહેશે.

**૨૧. Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે.** ઉમેદવાર તા.૧૫/૦૩/૨૦૧૭ ,૧૩.૦૦ કલાક થી તા. ૩૧/૦૩/૨૦૧૭ ,૧૩.૦૦ કલાક સુધીમાં http://gpsc-ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. **ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૩) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.** ૨૧.(૧) સૌ પ્રથમ http://gpsc-ojas.gujarat.gov.in પર જવું. ૨૧.(૨) Apply Online Click કરવું. આ પ્રમાણે Click કરવાથી (1) More details

તથા (2) Apply Now બટન દેખાશે. સૌ પ્રથમ More details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો અને ત્યારબાદ Apply Now બટન Click કરવું. **૨૧.(૩)** ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧ અને ૨ પર click કરવાથી જગ્યાની વિગતો મળશે. **૨૧.(૪)** તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*)નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details"માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે. **૨૧.(૫)** Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ઉમેરવી. **૨૧.(૫) (અ)** હવે અહીં Center Details પર "click" કરવી. ત્યાં Center ની પસંદગી આપવી. **૨૧.(૬)** તેની નીચે "Self declaration"માં Yes / No પર "click" કરવું. **૨૧.(૭)** હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે. **૨૧.(૮) જો આપના અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Application માં જઇને કરી શકાશે,આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.** **૨૧.(૯)** હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો અહીં photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature .jpg Format માં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open Button" ને click કરો હવે "Browse Button" ની બાજુમાં "Upload Button"પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. **૨૧.(૧૦)** હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે "Application preview" પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલી અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી. **૨૧.(૧૧)** સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં જવાનું રહેશે. **પોસ્ટ ઓફીસમાં રૂ. ૧૦૦/- આયોગની ફી + પૉસ્ટલ સર્વિસ ચાર્જીસ તારીખ ૩૧/૦૩/૨૦૧૭ (બપોરના ૧-૦૦ કલાક) સુધીમાં ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા Confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે. ૨૧.(૧૨) અનામત વર્ગના ઉમેદવારો તથા શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ Confirm થયેલ અરજીપત્રક પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જ્યારે આયોગ**

**દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે. ૨૧.(૧૩) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઈ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી કે જેની સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.**

**૨૨. અરજી ફી :** **૨૨.(૧)** બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે: **૨૨.(૧).(૧) પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/– આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૩૧/૦૩/૨૦૧૭ , ૧૩:૦૦ કલાક** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે R.P.A.D. / Speed post થી મોકલવાનાં રહેશે અથવા આયોગ ખાતે રૂબરૂમાં આપી જવાનાં રહેશે.

**૨૨.(૧).(૨) ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે. **૨૨.(૨)** રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/– ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. અથવા આ ઉમેદવારોએ રૂ.૧૦૦/– ના "સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર" ના નામના ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી ફી જમા કરાવી શકશે. **૨૨.(૩)** ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે. **૨૨.(૪)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં. **૨૨.(૫)** મૂળ ગુજરાતના અનુ.જાતિ, બૌધ ધર્મ અપનાવેલ અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને શારીરિક અશકતતા વાળા ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેતી નથી. **૨૨.(૬)** અશક્ત (Disabled) વ્યક્તિઓ તથા માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી. **૨૨.(૭)** ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી. **૨૨.(૮)** ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. **આ ફી પોસ્ટ ઓફીસ /નેટ બેંકીંગ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ભારતીય પોસ્ટલ ઓર્ડર (રાજ્ય બહાર વસતાં સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો સિવાય ) કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.** **૨૨.(૯)** તા.૧ લી જાન્યુઆરી ૧૯૬૪ના રોજ અથવા તે પછી પૂર્વ પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરી ભારતમાં આવેલી નિર્વાસિત વ્યક્તિઓની બાબતમાં જો આયોગને સંતોષ થાય કે ઉમેદવારો ફી ચૂકવી શકે તેમ નથી તો યોગ્ય કિસ્સામાં ફી માફ કરવામાં આવશે. **૨૨.(૧૦)** આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

**૨૩. ચેતવણીઓ :** આયોગે જે કોઈ ઉમેદવારને, **૨૩.(૧)** તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે આયોગના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, **૨૩.(૨)** બીજાનું નામ ધારણ કરવા

માટે, **૨૩.(૩)** બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, **૨૩.(૪)** બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, **૨૩.(૫)** યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે, **૨૩.(૬)** પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, **૨૩.(૭)** પરીક્ષા દરમ્યાન ગેર વ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્ત લિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે, **૨૩.(૮)** લખાણોમાં અશ્લીલ ભાષા અથવા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે, **૨૩.(૯)** પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેર-વર્તણૂક કરવા માટે, **૨૩.(૧૦)** પરીક્ષાના સંચાલન માટે આયોગે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, **૨૩.(૧૧)** પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે, **૨૩.(૧૨)** પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલ કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો, તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત –(ક) આયોગ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી તેને ગેર લાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) આયોગ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત કરી શકશે. પરંતુ તે અર્થે પોતે રજુઆત કરવા ઈચ્છે, તો ઉમેદવારને, લેખિતમાં એવી રજુઆત કરવાની તક આપવામાં આવે તે સિવાય ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળની કોઈપણ શિક્ષા કરી શકાશે નહિ. (ગ) જો તે અગાઉ સરકારી નોકરીમાં હોય તો, સંબંધિત નિયમો હેઠળ શિસ્તભંગના પગલા લઈ શકાશે.

**<u>૨૪. અગત્યની સૂચના</u> :** **૨૪.(૧)** ઉમેદવારને પોતાની સાથે કોઈ સેલ્યુલર ફોન, પેજર અથવા બીજા કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવાર ચેતવણીઓમાં નિર્દિષ્ટ શિક્ષાને પાત્ર બનશે. **૨૪.(૨)** ઉમેદવાર પ્રિલિમિનરી પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહિ. **૨૪.(૩)** ઉમેદવારને મુખ્ય પરીક્ષામાં સાદી બેટરીથી સંચાલિત નોન –પ્રોગ્રામેબલ પોકેટ કેલ્ક્યુલેટર લાવવાની અને તેનો ઉપયોગ કરવાની છૂટ છે. પણ પરીક્ષા ખંડમાં, એક બીજા ઉમેદવારની વચ્ચે કેલ્ક્યુલેટરની અદલાબદલી થઈ શકશે નહિ. **૨૪.(૪)** અંધ ઉમેદવારને જે લહિયો મળવાપાત્ર છે તે વ્યક્તિની શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી.ઈ.ની પરીક્ષા પાસ કરેલ ન હોવી જોઈએ. **૨૪.(૫)** અંધ ઉમેદવારે જે લહિયો રાખવાનો હોય તેની સંપૂર્ણ વિગત-(૧) નામ (૨) સરનામું (૩) શૈક્ષણિક લાયકાતની ઝેરોક્ષ નકલ આયોગને પરીક્ષા અગાઉ મોકલી આપવાની રહેશે અને તેની મંજૂરી મળ્યાની તેઓને જાણ કરવામાં આવશે. **<u>ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.</u>**

**<u>૨૫. ઓનલાઇન જાહેરાત માટે નીચેની જોગવાઇ લાગુ પડશે. :</u>** **૨૫.(૧)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો અરજી ફી ભરવાની રહેશે નહી. **૨૫.(૨)** અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી. **૨૫.(૩)** અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે. **૨૫.(૪)** જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. **૨૫.(૫)** **જાહેરાતમાં જે તે કેટેગરીમાં**

કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.) ૨૫.(૬) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ.

**૨૬. મુખ્ય લેખિત પરીક્ષા માટેના અરજીપત્રક સાથે નીચે દર્શાવેલ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અવશ્ય રજૂ કરવાની રહેશે. :**

**૨૬.(૧)** એસ.એસ.સી.ઈ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. (શાળા છોડવાનું પ્રમાણપત્ર માન્ય નથી) **૨૬.(૨)** પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર. **૨૬.(૩)** પદવીનું ગુણ પત્રક કે પત્રકો [માર્કશીટ્સ] **૨૬ (૪).** અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યા નું પ્રમાણપત્ર **૨૬.(૫) સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬-૨-૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક મુજબનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય' તેવું તા.૧-૦૪-૨૦૧૬ ના રોજથી જાહેરાતની છેલ્લી તારીખ સુધીના સમયગાળામાં મેળવેલ પ્રમાણપત્ર.** **૨૬.(૬)** શારીરિક રીતે અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જનને આપેલ તબીબી પ્રમાણપત્ર **૨૬.(૭)** સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ ના પરિપત્ર ક્રમાંક: એફઓએ – ૧૦૮૮–૩૯૪૦–ગ-૨ થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ "ના–વાંધા પ્રમાણપત્ર." **૨૬.(૮)** નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેજેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્ર ની નકલ. **૨૬.(૯)** વિધવા ઉમેદવારના કિસ્સામાં પુન:લગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ.

**જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, શારીરિક અશક્તતા ,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**નોંધ : ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧ અને ૨ની જગ્યાના ભરતી પરીક્ષા નિયમો, પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'ક'/પરિશિષ્ઠ-'૪' નો નમૂનો, શારીરિક રીતે અશક્ત ઉમેદવારોએ રજુ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમુનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ અને આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર જોઇ લેવાની રહેશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતી આયોગની કચેરીમાં, કચેરી સમય દરમ્યાન જરૂર જણાય તો ૦૭૯-૨૩૨૫૮૯૮૦ ઉપરથી મળી શકશે.**

**તા. ૧૫.૦૩.૨૦૧૭**

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

**Advt.No.121/16-17**

On line Applications are invited from 15-03-2017 (13-00 hours) to 31-03-2017 (13-00 hours) for the following posts of Gujarat Administrative Service, Class-I & Gujarat Civil Service, Class- I & II. The reservation for S.C., S. T., S. & E. B.C., & Women candidates is as under. In case of non - avaiability of Women candidates, in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

| Name of Post | Total Posts | Category wise Posts | | | | Category wise posts reserved for Women Out of Category wise Posts | | | | Post reserved for Physically Disabled and Ex-Servicemen out of the total Posts | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen. | S. C. | S. T. | S. & E. B. C. | Gen. | S. C. | S. T. | S. & E. B. C. | Phy. Dis. | Ex-Ser. |
| **Class-I** | | | | | | | | | | | |
| Gujarat Administrative Service, Junior scale Deputy Collector / Deputy District Development Officer | 40 | 25 | 04 | 10 | 01 | 08 | 01 | 03 | 00 | 00 | 00 |
| Deputy Suprintendent of police | 28 | 09 | 02 | 08 | 09 | 03 | 01 | 02 | 03 | 00 | 00 |
| District Registrar , Cooperative Societies | 07 | 04 | 01 | 00 | 02 | 01 | 00 | 00 | 00 | 00 | 00 |
| Suprintendent Prohibition & Excise | 02 | 02 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 |
| Asst. Commissioner Tribal Development | 06 | 04 | 00 | 01 | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 |
| Total | 83 | 44 | 07 | 19 | 13 | 14 | 02 | 05 | 03 | 00 | 00 |
| **Class-II** | | | | | | | | | | | |
| Mamlatdar | 69 | 35 | 05 | 10 | 19 | 12 | 02 | 03 | 06 | 02 | 00 |
| Section Officer (Sachivalay) | 96 | 51 | 06 | 15 | 24 | 17 | 02 | 05 | 08 | 03 | 00 |
| Section Officer (Gujarat Public Service Commission) | 03 | 02 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| Section Officer (Gujarat Legislature Secretariat) | 03 | 03 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 |
| Taluka Development Officer | 08 | 08 | 00 | 00 | 00 | 03 | 00 | 00 | 00 | 00 | 00 |
| Assistant Distict Registrar , Cooperative Societies | 22 | 11 | 00 | 04 | 07 | 03 | 00 | 01 | 02 | 00 | 00 |
| District Inspector Land Record | 08 | 04 | 01 | 01 | 02 | 01 | 00 | 00 | 01 | 00 | 00 |
| Assistant Director, Food & Civil Supply | 15 | 08 | 01 | 02 | 04 | 02 | 00 | 01 | 01 | 00 | 00 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **Govt. Labour Officer** | **07** | **05** | **00** | **01** | **01** | **02** | **00** | **00** | **00** | **00** | **00** |
| **Tribal Development Officer** | **21** | **13** | **00** | **02** | **06** | **04** | **00** | **00** | **02** | **00** | **00** |
| **Total** | **252** | **140** | **13** | **35** | **64** | **45** | **04** | **10** | **20** | **05** | **00** |

**Note**:- The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category.

**Educational Qualification.:-** A candidate shall hold a Bachelor's degree of any University incorporated by an Act of the Parliament or State Legislature in India or other educational institution established by an Act of Parliament or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognized by Government.

A candidate who has appeared or intend to appear or awaiting result of final semester/year of the required qualification, can apply, but the candidate has to qualify and submit the required qualification as advertised before the last date of submitting application for mains examination. Also the candidate must have completed 20 years of age on the last date of online application.

**Pay Scale:-** **For Class-I :** ₹ 15,600-39,100 + ₹ 5,400 Grade-pay and other allowances (According to 6th Pay Commission)

Pay Matrix Level No: 10 ₹ 56,100-1,77,500 and other allowances (According to 7th Pay Commission)

**For Class-II :** ₹ 9,300-34,800 + ₹ 4,600 Grade-pay and other allowances (According to 6th Pay Commission)

Pay Matrix Level No: 8 ₹ 44,900-1,42,400 and other allowances (According to 7th Pay Commission)

**Age**:- A candidate shall not be less than 20 years of age and not be more than 35 years of age as on 31/03/2017. Age will be calculated as on the last date of receipt of application. Upper age limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | S. & E.B.C., S.C. & S.T. Male candidates of Gujarat origin. | 05 years |
| 2 | Women candidates of unreserved Category | 05 years |
| 3 | Women Candidates of Reserved Category | 10 years (including 05 years relaxation as Woman, Maximum up to 45 years.) |
| 4 | Physically disabled candidates | maximum up to 10 (ten) years subject to his / her ability to discharge duties attached to the posts, as may be performed by any other normal persons, on the bais of production of medical certificate prescribed by GAD circular dated 01-12-2008 from the Medical Board. |
| 5 | Government Servant. | No relaxation in upper age will be available to Government Servant |
| 6 | Ex-servicemen / Officers | 5 years (Maximum upto maximum 45 years) |

The details of advertisement can be seen on website http://gpsc-ojas.gujarat.gov.in

(H.J.PAREKH)
Incharge Secretary
Gujarat Public Service Commission